**ભરૂચના સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.**

**સેસન્સ કેસ નં.૫૦/૨૦૨૬**

**આંક–૧૨**

**ફરીયાદી:– સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:– કેતનગીરી મહેન્દ્રગીરી ગૌસ્વામી**
**ઉ.વ.૪૨, ધંધો. ખેતી**
**રહે. માલકીનપુરા ગામ, દરબાર ફળીયું, તા.આમોદ,**
**જી.ભરૂચ.**

**–: આંક–૦૧ નીચે થયેલ હુકમના આધારે તહોમતનામું:–**

હું એચ.એચ.ગાંધી સ્પેશ્યલ જજ(પોકસો) અને ત્રીજા અંડીશ્નલ સેસન્સ જજ, ભરૂચના આથી તમો આરોપી **કેતનગીરી મહેન્દ્રગીરી ગૌસ્વામી** વિરૂધ્ધ નીચે મુજબ તહોમતનામું ફરમાવું છું કે, તમો આરોપી તા.૦૫/૦૨/૨૦૨૬ના પહેલાના બે વર્ષથી ભોગબનનારની પાછળ પડેલા છે અને તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ ભોગબનનાર બનાવ વખતે તેમના ઘરે બનાવવાળી જગ્યાએ એકલા હાજર હતા અને ભોગબનનાર વૃધ્ધ ઉંમરના હોય અને તે રીતે શારીરીક અશકત હોય અને તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ બપોરના બે વાગ્યાના સમયગાળા દરમ્યાન તમો આરોપીએ ભોગબનનારના ઘરમાં બનાવવાળી જગ્યાએ ગુનો કરવાના ઈરાદે પ્રવેશ કરી તમો આરોપીએ ભોગબનનારની આબરૂ લેવાના ઈરાદાથી ભોગબનનાર ઉપર ગુનાહીત બળ વાપરીને ભોગબનનારના માથાના વાળ ખેંચીને તમો આરોપી ભોગબનનારને ઘરના આગળના રૂમમાંથી અંદરના રૂમમાં લઈ જઈ, ભોગબનનાર સાથે તમો આરોપીએ બળજબરીથી શારીરીક સંબંધ બાંધી તે રીતે તમો આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર કરેલ અને ભોગબનનારને ધમકી આપેલ કે આ વાત કોઈને કરીશ તો તને તથા તારા છોકરાને જીવતા નહીં રહેવા દઉં તે તમો

આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને તમો આરોપીએ ભોગબનનાર ઉપર ઉપરોકત રીતે બળ વાપરેલ અને વ્યથા પણ પહોંચાડેલ અને વાળ ખેંચીને લઇ જઇ ભોગબનનારને સ્વેચ્છા પુર્વક વ્યથા પણ પહોંચાડેલ, તે રીતે તમો આરોપીએ બી.એન.એસ.ની કલમ–૬૪(૧),૭૪,૧૧૫(૨),૧૨૯,૩૫૧(૩),૩૩૨(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

આથી હું આદેશ ફરમાવવું છું કે, સદરહુ તહોમત માટે આ ન્યાયાલય તરફથી તમારી વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહીનું કામ આગળ ચલાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૫ મી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૧૫/૦૫/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)